# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-11-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

***************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાયબર છેતરપિંડીથી વૃદ્ધોને બચાવવા યુવાનોને આગળ આવવા મન કી બાત કાર્યક્રમના માધ્યમથી અપીલ કરી.
- ✓ નવી દિલ્હીમાં ઉડિયા પર્વનું સમાપન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઓડિશમાં પુનઃપ્રાપ્ય ઉર્જા અને શહેરીકરણની અપાર સંભાવનાઓ.
- ✓ આવતીકાલથી શરૂથનારૂ સંસદનું શિયાળુ સત્ર સુચારુ રૂપે યોજાય તે માટે સરકારે વિપક્ષનો સહયોગ માંગ્યો.
- ✓ હેમંત સોરેન ઝારખંડના મુખ્યમંત્રી પદના શપથ 28 નવેમ્બરે લેશે.
- ✓ સર્વે ટીમ ઉપર પથ્થરમારા બાદ ઉત્તર પ્રદેશના સંભલમાં થયેલી હિંસામાં ત્રણનાં મોત.
- ✓ પર્થ ક્રિકેટ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે 534 રનના ભારતે આપેલા લક્ષ્યાંક સામે ઓસ્ટ્રેલિયાની બાર રનમાં જ ત્રણ વિકેટ પડી.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં બિન-રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારોના યુવાનોને રાજકારણમાં જોડાવા અપીલ કરી છે.

આજે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું કે એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડાવા માટે દેશમાં વિશેષ અભિયાન ચલાવવામાં આવશે.

**(બાઇટ-પીએમ-યુવાનો-મન કી બાત-1)**

પ્રધાનમંત્રીએ સમાજ માટે નિઃસ્વાર્થ ભાવે કામ કરતા યુવાનો વિશે વાત કરી. તેમણે ડિજિટલ હયાતી પ્રમાણપત્ર મેળવવા વૃદ્ધોને મદદ કરવા બદલ લખનૌના વીરેન્દ્રની પ્રશંસા કરી. શ્રી મોદીએ કહ્યું કે ડિજિટલ હયાતી પ્રમાણપત્રથી વૃદ્ધોને મોટી સુવિધા મળી છે. તેમણે કહ્યું કે આવા પ્રયાસોને કારણે ડિજિટલ હયાતી પ્રમાણપત્ર મેળવનારા લોકોની સંખ્યા વધીને ૮૦ લાખથી વધુ થઈ ગઈ છે. શ્રી મોદીએ કહ્યું કે અમદાવાદનો રાજીવ લોકોને ડિજિટલ ધરપકડના જોખમ વિશે ચેતવણી આપી રહ્યો છે.

**(બાઇટ-પીએમ-ડીજીટલ-મન કી બાત-2)**

આજે એનસીસી દિવસ પર, શ્રી મોદીએ કેડેટ તરીકેના તેમના દિવસોને યાદ કર્યા. શ્રી મોદીએ કહ્યું કે NCC યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે. પ્રધાનમંત્રીએ યુવાનોને એનસીસીમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી હતી.

શ્રી  મોદીએ કહ્યું છે એક વૃક્ષ માતાના નામે અભિયાને માત્ર પાંચ મહિનામાં 100 કરોડ વૃક્ષો વાવવાની મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. શ્રી મોદીએ આ અભિયાનમાં દેશભરના લોકોની ભાગીદારી પર ખુશી વ્યક્ત કરી હતી.

સ્વચ્છતા અંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે સરકારી કચેરીઓમાંથી દાયકાઓ જૂની ફાઈલો અને કચરો દૂર કરવા માટે ખાસ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આ અભિયાનથી સરકારી વિભાગોમાં આશ્ચર્યજનક પરિણામો આવ્યા છે અને ઘણી જગ્યાઓ પણ ખાલી પડી છે. વડાપ્રધાને કહ્યું કે ભારતમાં 'કચરાથી કંચન'નો ખ્યાલ ઘણો જૂનો છે.

## ODISSA PARV SAMAPAN

ઉડીયા સંસ્કૃતિ અને વારસાના સંરક્ષણ અને સંવર્ધન માટે નવી દિલ્હી ખાતે 22 નવેમ્બરથી યોજાયેલા ઉડીશા પર્વ 2024નું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાંજે સમાપન કર્યું હતું..

સમાપન સમારંભમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે ઓડિશામાં શહેરીકરણ અને પુનઃપ્રાપ્ય ઉર્જાની અપાર સંભાવનાઓ છે. તેમણે કહ્યું હતું કે ઓડિશા  સંતોની ભૂમિ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે પૂરીધામે એક ભારત શ્રેષ્ઠ ભારતનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. તેમણે કહ્યું કે છેલ્લા દસ વર્ષમાં ઓડિશાના બજેટમાં વધારો કરવામાં આવ્યો હતો..તેમણે કહ્યું હતું કે ઓડિશા પાસે વાસ્તુ અને વિજ્ઞાનનો અલભ્ય વારસો છે. આ પ્રસંગે તેમણે ઓડિશાની સંસ્કૃતિ અને વારસાને ઉજાગરતા

વિવિધ સ્ટોલની પણ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સાથે મુલાકાત લીધી હતી.

## FUR. ALL PARTY MEET

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે, આવતીકાલથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્ર દરમિયાન સરકાર કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે. નવી દિલ્હીમાં સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક પછી પત્રકારો સાથે વાત કરતા, શ્રી રિજિજુએ વિપક્ષી દળોને સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભાની કામગીરી સરળતાથી ચાલે તે માટે સહયોગ આપવા વિનંતી કરી હતી..

**(બાઇટ- કિરેન રિજિજુ)**

સંસદના આવતીકાલથી શરૂ થતા શિયાળુ સત્ર અગાઉ સર્વપક્ષીય બેઠકની અધ્યક્ષતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે કરી હતી. કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલ, એલ મુરુગન, બીજેડી સાંસદ સસ્મિત પાત્રા, સમાજવાદી પાર્ટીના સાંસદ રામ ગોપાલ યાદવ, MDMK સાંસદ વાઈકો, કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારી, જયરામ રમેશ અને અન્યોએ સંસદમાં સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપી હતી.

શિયાળુ સત્ર 20મી ડિસેમ્બર સુધી ચાલશે. જો કે, 26મી નવેમ્બરે બંધારણ દિવસની ઉજવણી નિમિત્તે સંસદની બેઠક મળશે નહીં.

## REV EVE. JHARKHAND-GOVT FORMATION

ઝારખંડમાં, ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ) ના કાર્યકારી પ્રમુખ હેમંત સોરેને આજે રાજ્યમાં નવી સરકાર રચવાનો દાવો કર્યો છે.

રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે તેમને રાજ્યમાં નવી સરકાર બનાવવા માટે આમંત્રણ આપ્યું. રાજ્યપાલ સાથેની મુલાકાત બાદ હેમંત સોરેને કહ્યું કે શપથ સમારોહ આ મહિનાની 28 તારીખે થશે. શ્રી સોરેને કહ્યું કે તેમણે JMM, કોંગ્રેસ, RJD અને CPI(ML) ના 56 પાર્ટી ધારાસભ્યોના ટેકા નો પત્ર સુપરત કર્યો છે. આ પ્રસંગે કોંગ્રેસ, RJD અને CPI(ML) ના પ્રભારીઓ હાજર રહ્યા હતા.

આ પહેલા હેમંત સોરેને પોતાનું રાજીનામું રાજ્યપાલને સોંપ્યું હતું. રાજ્યપાલે હેમંત સોરેનનું રાજીનામું સ્વીકાર્યું હતું અને નવી સરકારની રચના ન થાય ત્યાં સુધી તેમને કાર્યકારી મુખ્યમંત્રી તરીકે કામગીરી બજાવવા કહ્યું હતું.

અગાઉ યોજાયેલી બેઠકમાં હેમંત સોરેન આજે ઈન્ડિયા બ્લોકના નેતા તરીકે ચૂંટાયા હતા. આજે બપોરે રાંચીમાં ઈન્ડિયા બ્લોકના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠકમાં સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો હતો. જેએમએમ, કોંગ્રેસ, આરજેડી અને સીપીઆઈ (એમએલ)ના નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ બેઠકમાં હાજરી આપી હતી.

81 સભ્યોની વિધાનસભામાં, ઈન્ડિયા બ્લોકે 56 બેઠકો જ્યારે ભાજપના નેતૃત્વમાં એનડીએને 24 બેઠકો મળી છે. એક બેઠક ઝારખંડ લોકતાંત્રિક ક્રાંતિકારી મોરચાને ફાળે ગઈ હતી.

## UP-SAMBHAL VIOLENCE

ઉત્તરપ્રદેશના સંભલમાં જામા મસ્જિદના સર્વે બાદ થયેલી હિંસામાં ત્રણ લોકોના મોત થયા છે. મુરાદાબાદ વિભાગના કમિશ્નર અંજનેય કુમાર સિંહે જણાવ્યું હતું કે સર્વેક્ષણ પૂર્ણ કર્યા પછી પરત ફરી

રહેલી ટીમ પર ત્રણ અલગ-અલગ જૂથોના લોકોએ પથ્થરમારો કર્યો હતો. ટોળાએ વાહનોને પણ આગ ચાંપી હતી.

અહેવાલો અનુસાર, પથ્થરમારો કરવામાં કેટલીક મહિલાઓ પણ સામેલ હતી. પોલીસે જણાવ્યું હતું કે, હિંસાના મામલે કેટલીક મહિલાઓ સહિત ઘણા લોકોની અટકાયત કરવામાં આવી છે. બાજુના જિલ્લાઓમાંથી પોલીસ કુમકને બોલાવવામાં આવી છે અને પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે.

## TEST MATCH

પર્થ ખાતેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં, ભારતનુ પલ્લુ ભારે છે. ટેસ્ટ મેચના ત્રીજા દિવસના અંતે ભારતે બાર રનમાં ઓસ્ટ્રેલિયાની ત્રણ વિકેટ ઝડપી લીધી હતી.. જસપ્રિત બુમરાહે બે અને મોહમ્મદ સિરાજે એક વિકેટ ઝડપી હતી. ભારતે ઓસ્ટ્રેલિયા સામે જીત માટે 535 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

અગાઉ, વિરાટ કોહલી અને યશસ્વી જયસ્વાલની સદીની સહાયથી ભારતે છ વિકેટે 487 રને દાવ પૂરો થયેલો જાહેર કર્યો હતો.. વિરાટ કોહલીએ તેની 30મી ટેસ્ટ સદી ફટકારી હતી..

## CONSUMER HELPLINE

નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈને ફરિયાદના નિરાકરણને ઝડપી બનાવવા માટે એક હજારથી વધુ કંપનીઓ સાથે ભાગીદારી કરી છે. જેમાં ઈ-કોમર્સ, ખાનગી શિક્ષણ, એફએમસીજી, ગૃહ વપરાશ, ઈલેક્ટ્રોનિક

પ્રોડક્ટ્સ, રિટેલ આઉટલેટ્સ, ઓટોમોબાઈલ્સ અને બેન્કિંગ સહિતના મુખ્ય ક્ષેત્રોની કંપનીઓનો સમાવેશ થાય છે..

ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે, આ કંપનીઓને લગતી ફરિયાદો ઓનલાઈન રિઝોલ્યુશન માટે સીધી તેમને તબદીલ કરાશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ કંપનીઓની સંખ્યા વર્ષ 2017માં 263 હતી તે વધીને એક હજાર નવ પર પહોંચી છે. હેલ્પલાઇનની કાર્યક્ષમતા વધારવા, ઝડપી અને અસરકારક ફરિયાદ નિવારણ અને પારદર્શિકતા અને જવાબદારીને વધારવા  માટે કંપનીઓ સાથે ભાગીદારી કરવામાં આવી છે.

## NT. PAK-VIOLENCE

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયેલી  સાંપ્રદાયિક હિંસાથી એક જ દિવસમાં 24 લોકોના મોત નિપજ્યા છે અને અનેક લોકો ઘવાયા છે. ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં અફઘાનિસ્તાનની સરહદે આવેલા કુર્રમ જિલ્લામાં અલીઝાઈ અને બાગાન આદિવાસીઓ વચ્ચે  ઘર્ષણ થયું હતું.

પોલીસે જણાવ્યું કે, આદિવાસીઓએ ભારે અને સ્વચાલિત હથિયારોથી એકબીજાને નિશાન  બનાવ્યા હતા. ઘટનાનાને પગલે જિલ્લાની તમામ શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ રહ્યું હતું.. ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર મહિનામાં પણ કુર્રમ  જિલ્લામાં શિયા અને સુન્ની સમુદાયની હિંસામાં 50થી વધુ લોકોના મોત નિપજ્યા હતા..

## NEPAL COAS-FELICITATION

આર્મી સ્ટાફના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ગઇકાલે પોખરાની મુલાકાત લઇ વિરતા પુરુસ્કારો આપી ગોરખા જવાનોને સન્માનિત કર્યા હતા. તેમજ નેપાળ નિવાસી પૂર્વ સૈનિકોની સભાને સંબોધિત કરતાં શ્રી ત્રિવેદીએ જણાવ્યું હતું કે, હું ગોરખા સૈનિકોની બહાદુરી, હિંમત અને રાષ્ટ્રભક્તિને સલામ કરું છું. આ દરમિયાન શ્રી દ્વિવેદીએ જવાનો અને તેમના પરિવારજનો સાથે પણ સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમ બાદ પોખરા ખાતે નેપાળી આર્મીના પશ્ચિમ વિભાગના મુખ્ય મથકની પણ શ્રી ત્રિવેદીએ મુલાકાત લીધી હતી.

## SPEAKER INTERVIEW

આવતીકાલે શરૂ થતા સંસદના શિયાળુ સત્ર અગાઉ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સાંસદોને ગૃહમાં સંસદીય શિષ્ટાચારનું પાલન કરવા વિનંતી કરી છે. આકાશવાણી ન્યૂઝને આપેલી એક વિશિષ્ટ મુલાકાતમાં, શ્રી બિરલાએ આશા વ્યક્ત કરી હતી કે સાંસદો હકારાત્મક અને રચનાત્મક ચર્ચાની પરંપરા જાળવી રાખશે..

અનામતના મુદ્દા પરના એક પ્રશ્નના જવાબમાં શ્રી બિરલાએ કહ્યું કે રાજકીય પક્ષો આ મામલે આક્ષેપો અને પ્રતિ-આક્ષેપ કરી શકે છે, પરંતુ કોઈપણ સરકારે ક્યારેય ક્વોટાની જોગવાઈ સાથે ચેડા કરવાનો પ્રયાસ કર્યો નથી. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હંમેશા સમાજના વંચિત અને ગરીબ વર્ગ માટે હજુ પણ અનામત જરૂરી હોવાના મત પર અડગ રહ્યાં છે.

મંગળવારે મનાવવામાં આવનાર બંધારણ દિવસ પહેલા, શ્રી બિરલાએ બંધારણ જોખમમાં હોવાના કેટલાંક લોકોના દાવાને ફગાવી

દીધા  છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બંધારણ દેશના લોકોનું છે અને સમાજના દરેક વર્ગને તેમાં વિશ્વાસ છે.